**સને ૨૦૧૩-૧૪ (આયોજન હેઠળ)**
**પોલીસ વિભાગ માટે રહેણાંક/બિનરહેણાંકના મકાનોની મરામત અને નિભાવ માટેની ચાલુ સેવાને વહીવટી મંજુરી આપવા બાબત....**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બજટ/૨૦૧૨/૫૮૧(૩)/લ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ : ૩૦/૩/૨૦૧૩.

**વંચાણે લીધા :**

૧. મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ, ગાંધીનગરનો તા.૯/૧૦/૨૦૧૨ નો પત્ર નં. ગુપોહા/એકા/૩૭૭/૭૮૪૫/૨૦૧૨.

**ઠરાવ :**

પોલીસ કર્મચારીઓ માટેના રહેણાંકના તેમજ બિનરહેણાંકના મકાનોની મરામત અને જાળવણીની કામગીરી ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ. ધ્વારા ડીસે.૧૯૯૯ થી કરવામાં આવી રહેલ છે. પોલીસ કર્મચારીઓના મકાનો હાલ જે ઉપલબ્ધ છે, તે પૈકી અંદાજે ૪૦% જેટલા મકાનો ખુબ જ જર્જરીત તેમજ જૂના છે. જેના સ્થાને નવા મકાનો બાંધવા માટે ખુબ જ નાણાંકીય ભંડોળ તેમજ સમયની જરૂરીયાત રહે છે. જેના અનુસંધાને ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ.ને સોંપેલ પોલીસ ખાતાના મકાનોની મરામત અને નિભાવની કામગીરી માટે સને ૨૦૧૩-૧૪ ના બજેટમાં આયોજન હેઠળ રૂા.૩૪.૫૦ કરોડ(અંકે રૂપિયા ચોત્રીસ કરોડ પચાસ લાખ પુરા)ની જોગવાઈ કરવામાં આવેલ છે. જેને નીચે દર્શાવેલ શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

(૧) સને ૨૦૧૩-૧૪ ની જોગવાઈને આધિન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ યોજના અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૩) વહીવટી વિભાટે સૂચિત યોજના અંગેનું અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે. અને યોજનાનો મૂળ હેતુ જળવાય તે રીતે પારદર્શક અમલ સત્વરે કરવાનો રહેશે.

(૪) સમયસર કામ પૂર્ણ થાય તેની જવાબદારી નિગમની રહેશે.

(૫) આ યોજના અંગેનું ખર્ચ તા.૧/૪/૨૦૧૩ પછી જ કરવાનું રહેશે.

૩. ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ.,એ તેને ફાળવવામાં આવનાર ઉકત રકમ આ વિભાગના ઉપસચિવશ્રીની પ્રતિસહીથી ઉપાડવાની રહેશે.

૪. નિગમે દર મહિને આ અંગેની રકમમાંથી કરવામાં આવતા ખર્ચની અને તે દ્વારા થનાર મરામત અને નિભાવની વિગતવાર માહિતી આપતા પત્રકો તે પછીના મહીનાની દશમી તારીખ સુધીમાં આ વિભાગની લ–શાખા તથા ૨–શાખા (બજેટ શાખા)ને મોકલી આપવાના રહેશે.

૫. આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળ ચાલુ વર્ષમાં થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

માગણી ક્રમાંક: ૪૬ ( આયોજન હેઠળ)

મુખ્ય સદર –૪૨૧૬ : આવાસન અંગે મુડી ખર્ચ જોગવાઈ

પેટા મુખ્ય સદર : ૮૦ – સામાન્ય

ગૌણ સદર(૨૦૧) ગૃહ નિર્માણ બોર્ડમાં મુડીરોકાણ

પેટા સદર(૩) પોલીસ વિભાગના મકાનોની મરામત અને નિભાવ

સ્કીમ કોડ : HSG-48

કોમ્પ્યુટર કોડ : ૧૧૪૬૧૮

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૨/૩/૨૦૧૩ ની નોંધથી આપવામાં આવેલ સંમતિને આધારે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હસમુખ પટેલ)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ,

– મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ.,ગાંધીનગર
– પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન,ગુજરાત રાજય, ગાંધીનગર
– એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
– નાણા સલાહકારશ્રી(ગૃહ) નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
– નાયબ સચિવશ્રી(ટીસીએન્ડટી),ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
– નાણા વિભાગ,અ–શાખા,સચિવાલય,ગાંધીનગર
– ગૃહ વિભાગ,વ અને ૨–શાખા,સચિવાલય,ગાંધીનગર
– તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
– વિમા નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
– પસંદગી ફાઈલ
– નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.